# ઉત્તર ભારતમાં સખત ઠંડીનું મોજું ચાલુ

**દિલ્હી,** પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં શીત લહેર ચાલી રહી છે

**આગામી** બે દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ ભારતમાં ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસની સ્થિતિ ચાલુ રહેશે

**આગામી** ત્રણેક દિવસમાં ઉત્તર અને મધ્ય ભારતના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવાની પણ આગાહી



નવી દિલ્હી, તા. 7: રવિવારે સવારે ઉત્તર ભારતના ઘણા ભાગોમાં અને દેશના કેટલાક મધ્ય ભાગોમાં તીવ્ર ઠંડીની સ્થિતિ પ્રવર્તી રહી હતી, જ્યાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં નીચે હતું.

દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં શીત લહેરની સ્થિતિનો અનુભવ થયો હતો અને ભારતીય હવામાન ખાતાની (આઈએમડી) આગાહી મુજબ, તીવ્ર ઠંડીની સ્થિતિ 2-3 દિવસ સુધી ચાલુ રહેવાની શક્યતા છે.આઈએમડીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને રાજસ્થાનમાં આગામી 2 દિવસ દરમિયાન ઠંડા દિવસથી અતિ ઠંડા દિવસની સ્થિતિ ચાલુ રહેવાની શક્યતા છે અને ત્યારબાદ ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થશે.'હવામાન ખાતાએ 8-10 જાન્યુઆરી દરમિયાન ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારતમાં (રાજસ્થાન અને પશ્ચિમ મધ્યપ્રદેશ) ગાજવીજ સાથે અથવા કરા સાથે વરસાદની આગાહી પણ કરી છે.

હવામાન ખાતાએ જણાવ્યું હતું કે, આગામી બે દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ ભારતમાં ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસની સ્થિતિ ચાલુ રહેવાની શક્યતા છે અને ત્યારબાદ તે ધીમે ધીમે ઘટશે.પંજાબ, હરિયાણા-ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાનના કેટલાક ભાગોમાં રાત્રે-સવારે થોડા કલાકો સુધી ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે અને પછીના બે દિવસ અંતરિયાળ વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા છે એમ આઈએમડીએ જણાવ્યું હતું.હવામાન નિષ્ણાતોના મતે, 8 જાન્યુઆરીથી અન્ય એક પશ્ચિમી વિક્ષેપ ઉત્તરપશ્ચિમ ભારતને અસર કરે તેવી શક્યતા છે. આઈએમડીએ 9થી 10 જાન્યુઆરીની વચ્ચે હિમાચલ પ્રદેશમાં પણ વરસાદ અને હિમવર્ષાની શક્યતાની આગાહી કરી છે.

## દિલ્હીમાં પ્રાથમિક શાળાઓ 14 જાન્યુઆરી સુધી બંધ રાખવાના આદેશ

નવી દિલ્હી, તા. 7: દિલ્હીનાં શિક્ષણ મંત્રી આતિશીએ રવિવારે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય રાજધાનીમાં ચાલી રહેલી તીવ્ર ઠંડીને કારણે દિલ્હીમાં નર્સરીથી ધોરણ 5 સુધીના વિદ્યાર્થીઓ માટે શાળાઓ આગામી પાંચ દિવસ (12 જાન્યુઆરી સુધી) બંધ રહેશે. આ આદેશ સરકારી શાળાઓ, સરકારી સહાયતા પ્રાપ્ત શાળાઓ અને માન્યતા પ્રાપ્ત ખાનગી શાળાઓમાં લાગુ પડે છે.એક્સ પરની એક પોસ્ટમાં આતિશીએ કહ્યું હતું, 'નર્સરીથી લઈને ધોરણ 5 સુધીના વિદ્યાર્થીઓ માટે, ચાલી રહેલી ઠંડીને કારણે દિલ્હીમાં શાળાઓ આગામી પાંચ દિવસ માટે બંધ રહેશે.'પ્રાથમિક વર્ગોના વિદ્યાર્થીઓ 15 જાન્યુઆરીથી તેમની શાળાઓમાં પાછા ફરે તેવી અપેક્ષા છે, એમ દિલ્હીના શિક્ષણ નિયામકના આદેશમાં કહેવામાં આવ્યું છે. શાળાઓ પ્રાથમિક વર્ગોના તેમના સંબંધિત વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન વર્ગોનું આયોજન કરી શકે છે, એમ આદેશમાં કહેવાયું હતું.જો કે, ધોરણ 6 થી ધોરણ 12ના વિદ્યાર્થીઓ શિયાળાની રજા પછી તેમની શાળાઓમાં પાછા જોડાશે. પણ ઠંડા વાતાવરણને જોતા, કોઈ પણ શાળા સવારે 8 વાગ્યા પહેલા શરૂ નહીં થાય અને સાંજે 5 વાગ્યા પછી વર્ગો લેવાશે નહીં.દિલ્હીની શાળાઓ 1 જાન્યુઆરીથી શિયાળાની રજા માટે બંધ છે અને 8 જાન્યુઆરીથી (સોમવાર) વર્ગો ફરી શરૂ થવાના હતા.



» યુરોપમાં શિયાળો જામી ચુક્યો છે ત્યારે બ્રિટનમાં કેટલાક વિસ્તારોમાં ઠંડોગાર વરસાદ પણ પડ્યો હતો. બર્કશાયરમાં વરસાદથી ભરાયેલા પાણીમાંથી પસાર થઇ રહેલા વાહનો તસવીરમાં જોઇ શકાય છે.

# બાંગ્લાદેશમાં સંસદીય ચૂંટણીમાં બીએનપીના બહિષ્કાર વચ્ચે નીચું મતદાન

**મુખ્ય** વિરોધ પક્ષ બીએનપીના બંધના એલાન વચ્ચે આશરે 40 ટકા મતદાન થયું

**વડા** પ્રધાન શેખ હસીના જીત મેળવે તેવા સંકેતો



ઢાકા, તા. 7 (પીટીઆઈ): છૂટાછવાઈ હિંસા અને મુખ્ય વિપક્ષી પાર્ટી બીએનપી અને તેના સાથી પક્ષો દ્વારા બહિષ્કાર વચ્ચે સામાન્ય ચૂંટણીમાં બાંગ્લાદેશીઓએ રવિવારે ઓછી સંખ્યામાં મતદાન કર્યું હતું. આ ચૂંટણીમાં વડા પ્રધાન શેખ હસીના સતત ચોથી ટર્મ માટે જીતે એવી શક્યતા છે.

પ્રારંભિક અનુમાન મુજબ, લગભગ 40 ટકા મતદાન થયું હતું પણ અંતિમ ગણતરી પછી આંકડો બદલાઈ શકે છે, એમ મુખ્ય ચૂંટણી કમિશનર કાઝી હબીબુલ અવલે જણાવ્યું હતું.

મતદાન સમાપ્ત થયાના એક કલાક પહેલા, ચૂંટણી પંચે કહ્યું હતું કે બપોરે 3 વાગ્યા સુધી 27.15 ટકા મતદાન થયું હતું. 2018ની સામાન્ય ચૂંટણીમાં એકંદરે 80 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું.

'મતદાન સાંજે 4 વાગ્યે સમાપ્ત થયું અને મતગણતરી શરૂ થઈ ગઈ છે. સોમવારે વહેલી તકે પરિણામોની અપેક્ષા છે', એમ ચૂંટણી પંચના પ્રવક્તાએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે હિંસાની કેટલીક છૂટીછવાઈ ઘટનાઓ સિવાય, 300માંથી 299 બેઠકોમાં મતદાન મોટાભાગે શાંતિપૂર્ણ રહ્યું હતું. એક ઉમેદવારના મૃત્યુને કારણે પંચે એક બેઠક પર મતદાન સ્થગિત કર્યું હતું.

પંચે સત્તાધીશ અવામી લીગના એક ઉમેદવારની ઉમેદવારી રદ કરી હતી કારણ કે તેણે એક પોલીસ અધિકારીને ઠપકો આપી ધમકી આપી હતી.

મતદાન ઓછું થયું હતું કારણ કે જેલમાં બંધ બીમાર પૂર્વ વડા પ્રધાન ખાલીદા ઝિયાની બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (બીએનપી) ચૂંટણીથી દૂર રહી હતી અને લોકોને મતદાનનો બહિષ્કાર કરવા કહ્યું હતું. સામાન્ય રીતે ચૂંટણીમાં જે જોશ અને ઉલ્લાસ દેખાય છે તે ક્યાંય દેખાયો ન હતો.

ચૂંટણી પ્રચારના બૂથ પર પણ મતદારોની હાજરી ન હતી અને માત્ર સત્તાધીશ પક્ષના સમર્થકો જ દેખાઈ રહ્યા હતા. લાંબી લાઈનો ન હતી અને લોકોએ સહેલાઈથી મતદાન કર્યું હતું. મત ગણતરી શરૂ થઈ ગઈ હતી અને મોડી રાતે હસીનના વિજયના સંકેત મળી રહ્યા હતા.

# લઘુમતી બાબતોના મંત્રી સ્મૃતિ ઈરાની સાઉદી અરેબિયાની બે દિવસની મુલાકાતે

**ઈરાની** ત્યાં હજ કરાર 2024 પર સહી કરવા અને હજ કોન્ફરન્સમાં ભાગ લેવા જેદ્દાહ પહોંચ્યા છે



જેદ્દાહ, તા. 7 (પીટીઆઈ): લઘુમતી બાબતોના મંત્રી સ્મૃતિ ઈરાની રવિવારે હજ કોન્ફરન્સમાં ભાગ લેવા અને ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે હજ કરાર 2024 પર સહી કરવા માટે બે દિવસની મુલાકાતે અહીં પહોંચ્યા હતા.

ઈરાનીનું જેદ્દાહ એરપોર્ટ પર રાજદૂત ડો. સુહેલ ખાન, કોન્સ્યુલ જનરલ મોહમ્મદ શાહિદ અને સાઉદી હજ અને ઉમરાહ મંત્રાલયના અધિકારીઓએ સ્વાગત કર્યું હતું.

'માનનીય લઘુમતી બાબતોના મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની હજ કોન્ફરન્સમાં ભાગ લેવા અને દ્વિપક્ષીય હજ કરાર પર હસ્તાક્ષર કરવા જેદ્દાહ પહોંચ્યા', જેદ્દાહમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે ટ્વીટ કર્યું હતું.

તેઓ આગામી હજ 2024 સંબંધિત પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સાઉદી અરેબિયાના હજ અને ઉમરાહ બાબતોના મંત્રી, તૌફિક બિન ફવઝાન અલ રબિયા સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરશે, એમ જેદ્દાહમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે જણાવ્યું હતું.

મહિલા અને બાળ વિકાસ માટેના કેન્દ્રીય મંત્રી તરીકે પણ સેવા આપી રહેલા ઈરાની દ્વિપક્ષીય હજ કરાર 2024 પર હસ્તાક્ષર કરવા માટે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. આ પ્રતિનિધિમંડળ સાઉદી અરેબિયામાં ભારતીય વેપારી સમુદાય અને ભારતીય મૂળના લોકોને પણ મળશે.

# ઈઝરાયેલે સંકેત આપ્યા કે તે ઉત્તરી ગાઝામાં યુદ્ધ સમેટી રહ્યું છે

**હમાસ**-ઇઝરાયેલના યુદ્ધને ચાર મહિના પુરા થયા

**અમેરિકાના** વિદેશ મંત્રી બ્લિન્કન ફરીથી મધ્ય પૂર્વની મુલાકાતે, જોર્ડનના રાજાને મળ્યા, ઇઝરાયેલ જશે



જેરૂસલેમ, તા. 7 (એપી): ઈઝરાયેલી સૈન્યએ સંકેત આપ્યો કે તેણે ઉત્તરી ગાઝામાં મોટા ભાગની લડાઈને સમેટી લીધી છે અને કહ્યું કે તેણે ત્યાં હમાસના લશ્કરી માળખાને તોડી પાડવાનું મિશન પૂર્ણ કર્યું છે, જ્યારે ત્રાસવાદી જૂથ સામેનું યુદ્ધને રવિવારે ચાર મહિના થયા હતા.

સૈન્યએ ઉત્તરી ગાઝામાં આગળ જઈ રહેલા સૈનિકોની જમાવટ અંગે વાત કરી ન હતી. તેના પ્રવક્તા, રીઅર એડમિરલ ડેનિયલ હગારીએ શનિવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે દળો ત્યાં 'સિદ્ધિને વધુ મજબૂત કરવાનું ચાલુ રાખશે', ઈઝરાયેલ-ગાઝા સરહદ સાથે સંરક્ષણને મજબૂત કરશે અને પ્રદેશના મધ્ય અને દક્ષિણ ભાગો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

અમેરિકાના વિદેશ મંત્રી એન્ટોની બ્લિન્કેનની ઈઝરાયલ મુલાકાત પહેલા આ જાહેરાત કરાઈ છે. બ્લિન્કેન સહિત બાઈડેન વહીવટીતંત્રના અધિકારીઓ ઈઝરાયલને વારંવાર ગાઝામાં તેના આડેધાડ હવાઈ અને જમીની હુમલાઓ બંધ કરવા અને હમાસના નેતાઓ વિરૂદ્ધ વધુ લક્ષિત હુમલાઓ કરવા વિનંતી કરી છે જેથી પેલેસ્ટિનિયન નાગરિકોને નુકસાન ન થાય.

હાલના અઠવાડિયામાં, ઈઝરાયેલ ઉત્તર ગાઝામાં તેના લશ્કરી હુમલાને પાછું ખેંચી રહ્યું છે અને પ્રદેશના દક્ષિણમાં તેના આક્રમણને ઓછું કરી રહ્યું છે, જ્યાં ગાઝાના મોટાભાગના 2.3 મિલિયન પેલેસ્ટિનિયનો નાના વિસ્તારોમાં દબાઈને રહી રહ્યા છે કારણ કે અહીં ઈઝરાયેલી હવાઈ હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.

આ યુદ્ધ હમાસના દક્ષિણ ઈઝરાયેલ પર 7 ઓક્ટોબરના હુમલાથી શરૂ થયું હતું જેમાં ત્રાસવાદીઓએ લગભગ 1,200 લોકોની હત્યા કરી હતી, જેમાં મોટાભાગે નાગરિકો હતા અને લગભગ 250 લોકોને બંધક બનાવ્યા હતા.

# એલન મસ્કે સ્પેસએક્સ ઈવેન્ટમાં એલએસડી અને કોકેઈનનો ઉપયોગ કર્યો હતો: અહેવાલ

**મસ્કે** વિશ્વભરમાં પ્રાઈવેટ પાર્ટીઓમાં કેટલીક વખત એલએસડી, કોકીન, એક્સટેસી અને સાઈકેડલિક મશરૂમનું સેવન કર્યું હતું

**સ્પેસએક્સના** કાર્યક્રમમાં આ ટોચના અબજપતિ ગાળો પણ બોલ્યા હતા: વોલ સ્ટ્રીટ જર્નલનો અહેવાલ

નવી દિલ્હી, તા. 7: અબજપતિ એલન મસ્કે સ્પેસએક્સ ઈવેન્ટમાં એલએસડી અને કોકીનનો ઉપયોગ કર્યો હતો, એમ ધ વોલ સ્ટ્રીટ જર્નલે અહેવાલ આપ્યો હતો. તેમાં એમ પણ કહેવાયું હતું કે મસ્કે ઈવેન્ટમાં એલએસડી અને કોકીનનો ઉપયોગ કરી પોતાના સંબોધનમાં અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે સમાચાર આવ્યા હતા કે મસ્ક ડિપ્રેશનની સારવાર માટે કેટામાઈન જેવા સાઈકેડેલિક ડ્રગ્સનો ઉપયોગ કરે છે.

છેલ્લા કેટલાંક વર્ષોથી ટેસ્લા અને સ્પેસએક્સના કેટલાંક બોર્ડ સભ્યોએ મસ્કના ડ્રગ્સ લેવા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેના ઉપયોગથી મસ્કના આરોગ્ય અને તેમના બિઝનેસ એમ્પાયર પર માઠી અસર પડશે.

વિશ્વના સૌથી પૈસાદાર વ્યક્તિ એલન મસ્કને નજીકથી જાણતા સૂત્રોનો દાવો છે કે મસ્કે વિશ્વભરમાં પ્રાઈવેટ પાર્ટીઓમાં કેટલીક વખત એલએસડી, કોકીન, એક્સટેસી અને સાઈકેડલિક મશરૂમનું સેવન કર્યું હતું.

મસ્કે પણ દાવો કર્યો છે કે તેમની પાસે સાઈકેડેલિક જેવા ડ્રગ્સ કેટામાઈનનું પ્રિસ્ક્રિપ્શન છે અને તેમણે અગાઉ પણ જાહેરમાં મારિજુઆનાનો ઉપયોગ કર્યો હતો.

એલન મસ્ક અને તેમના ભાઈ કિમ્બલ મસ્ક 2021માં એક આર્ટ બેસલ હાઉસ પાર્ટીમાં કેટામાઈનનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા.

# બનારસના વણકરોને રામ મંદિરના થીમની સાડીઓનો મોટો ઓર્ડર

વારાણસી, તા. 7 (પીટીઆઈ): 'રામ મંદિર'ની થીમ પર બનારસી સાડીઓ એક ફેશન સ્ટેટમેન્ટ બનવા જઈ રહી છે જ્યારે આ મહિને રામ મંદિરના અભિષેક સમારોહ પહેલા અહીંના વણકરો આ સુંદર સાડીને તૈયાર કરી રહ્યા છે.વણકરોને સાડીઓ પર વિવિધ પેટર્ન માટે કસ્ટમાઇઝ્ડ ઓર્ડર મેળવ્યા છે, જેમાં પલ્લુ પર રામ મંદિર, ભગવાન રામના બાળપણથી રાવણને મારવા સુધીના જીવનની વિગતો અને બોર્ડર પર 'શ્રી રામ' લેખ સહિતની ડિઝાઈનનો સમાવેશ થાય છે.મંદિરનો પ્રથમ તબક્કો પૂર્ણ થવાના આરે છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી 22 જાન્યુઆરીએ અભિષેક સમારોહમાં ભાગ લેશે.અહીંના મુબારકપુર વિસ્તારના વણકર અનીસુર રહેમાને જણાવ્યું હતું કે 'રામ મંદિર પ્રત્યેની ભાવના સંપૂર્ણપણે અલગ છે. અમે રામ મંદિર થીમ પર સાડીઓ તૈયાર કરી રહ્યા છીએ અને તે ટૂંક સમયમાં ફેશન સ્ટેટમેન્ટનો ભાગ હશે. અમારી પાસે દેશના વિવિધ ભાગોમાંથી ઓર્ડર છે જે મહિલાઓ આ સાડીઓ પહેરીને પોતપોતાના સ્થળોએ 22 જાન્યુઆરીની ઉજવણી કરવા માંગે છે.

# ભોપાલના આશ્રય ગૃહમાંથી ગુમ થયેલી તમામ 26 છોકરીઓ મળી આવી

ભોપાલ, તા. 7: મધ્યપ્રદેશ પોલીસે શનિવારે તે તમામ 26 છોકરીઓને શોધી કાઢી હતી જેઓ ભોપાલમાં ગેરકાયદેસર રીતે ચાલતા ચિલ્ડ્રન હોમમાંથી ગુમ થયાની જાણ થઈ હતી. વધુમાં, આ કેસના સંબંધમાં બે જિલ્લા બાળ વિકાસ પ્રોજેક્ટ અધિકારીઓને (સીડીપીઓ) સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને અન્ય બેને નોટિસ આપવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આદમપુર છાવની વિસ્તારમાંથી 10, ઝૂંપડપટ્ટીમાંથી 13, ટોપ નગરમાં 2 અને રાયસેનમાં 1 છોકરી મળી આવી હતી.

આ મામલો ગુરુવારે પ્રકાશમાં આવ્યો જ્યારે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સના (એનસીપીસીઆર) અધ્યક્ષ પ્રિયંક કાનુન્ગોએ ભોપાલના ઉપનગરમાં આવેલા પરવાલિયા વિસ્તારમાં આંચલ કન્યા છાત્રાલયની ઓચિંતી મુલાકાત લીધી. શેલ્ટર હોમના રજિસ્ટરની તપાસ કર્યા



પછી, કાનુનગોએ જોયું કે તેમાં 68 છોકરીઓની એન્ટ્રી હતી, પણ તેમાંથી 26 ગાયબ હતી. આ છોકરીઓ ગુજરાત, ઝારખંડ, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત વિવિધ રાજ્યોની હતી.

કાનુનગોના જણાવ્યા મુજબ, એક મિશનરી જે ચિલ્ડ્રન હોમનું સંચાલન કરી રહ્યો હતો તે કેટલાક બાળકોને શેરીઓમાંથી લઈ આવ્યો હતો અને કોઈ પણ લાયસન્સ વિના આશ્રય ગૃહ ચલાવી રહ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, શેરીઓમાંથી લાવેલા બાળકોને ગુપ્ત રીતે ઘરમાં રાખવામાં આવ્યા હતા અને તેમને ખ્રિસ્તી ધર્મ પાળવાનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો હતો.

ગુમ થયેલી તમામ છોકરીઓ બાળ કલ્યાણ સમિતિના આદેશ વિના રહી રહી હતી. જો કે, ચિલ્ડ્રન હોમના અધિકારીઓએ દાવો કર્યો હતો કે બાળકોને શેરીઓમાંથી લાવવામાં આવ્યા બાદ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

# ઈટાલીમાં ભારતીય વિદ્યાર્થી મૃત હાલતમાં મળી આવ્યો

**ઝારખંડથી** ભણવા ગયેલો રામ રાઉત ભાડેના ઘરના વોશરૂમમાંથી મૃત મળી આવ્યો

**મૃત્યુના** કારણ અંગે રહસ્ય, સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી

**મૃતદેહ** વતન લાવવા પરિવારે સરકારની મદદ માગી

નવી દિલ્હી, તા. 7: ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જિલ્લાના એક ભારતીય વિદ્યાર્થીનું ઈટાલીમાં અજાણ્યા કારણોસર મૃત્યુ થયું હતું. ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના રામ રાઉતનું 2 જાન્યુઆરીએ અવસાન થયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર રાઉત એમબીએનો અભ્યાસ કરવા ઈટાલી ગયો હતો અને ભાડાના મકાનમાં રહેતો હતો. આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે રાઉતના માતા-પિતાએ તેમને નવા વર્ષની શુભેચ્છાઓ આપવા માટે ફોન કર્યો, અને તેમણે તેમનો ફોન ઉપાડ્યો નહીં. ત્યારબાદ રાઉતના માતા-પિતાએ તેના ઘરના માલિકનો સંપર્ક કર્યો, જેમણે તેમને જાણ કરી કે વિદ્યાર્થી અન્ય ઘરના વોશરૂમમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. તેમના મૃત્યુની જાણ થયા પછી, રામ રાઉતના પરિવારે તેમના મૃતદેહને ભારત પરત લાવવા ઝારખંડના વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને જનપ્રતિનિધિઓનો સંપર્ક કર્યો હતો.

આ ઘટના પર બોલતા, પશ્ચિમ સિંઘભુમના ડેપ્યુટી કમિશનર અનન્યા મિત્તલે કહ્યું કે તેમને રામ રાઉતના મૃત્યુની માહિતી મળી હતી અને જરૂરી કાર્યવાહી માટે ગૃહ વિભાગ અને ઝારખંડના માઈગ્રેશન સેલને જાણ કરવામાં આવી હતી.મિત્તલે વધુમાં જણાવ્યું હતું કે તેઓ કેસના તમામ ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે અને પરિવારના સંપર્કમાં પણ છે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in

જાહેરાત ક્રમાંક- ૯૯૬/૨૧-૨૨ જુની. કલાર્ક (વર્ગ- ૦૩)ના ડોકયુમેન્ટ વેરીફિકશનમાં ગેરહાજર રહેલ ઉમેદવારોને આખરી તક આપવા બાબત.

વડોદરા મહાનગરપાલિકામાં જાહેરાત ક્રમાંક- ૯૯૬/૨૧-૨૨ જુની. કલાર્ક (વર્ગ- ૦૩) માં સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અન્વયે પ્રાથમિક તબકકામાં અસલ પ્રમાણપત્રોની ચકાસણી / સ્કુટીની અર્થે તા: ૦૧-૦૧-૨૦૨૪ થી તા:૦૫-૦૧-૨૦૨૪ સુધી રૂબરૂમાં ઉમેદવારોને હાજર રહેવાની યાદી વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરી ઉપસ્થિત રહેવા પી.આર.ઓ. નં. ૧૨૪૪/૨૩-૨૪ થી જણાવવામાં આવેલ. પરંતુ કોઇ કારણોસર ઉમેદવાર ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં સદર સમયગાળા દરમ્યાન ગેરહાજર રહેલ હોય તેઓને આખરી તક આપવા તા:૧૧-૦૧-૨૦૨૪ તથા તા:૧૨-૦૧-૨૦૨૪ ના રોજ નીચે જણાવેલ સ્થળે અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.

**સ્થળ:-** સરદાર વલ્લભભાઇ પટેલ, પ્લેનેટોરીયમ, સયાજીબાગ, કાલા ઘોડા પાસે, વડોદરા

**સમય:-** સવારે ૧૧-૦૦ કલાકે

સદર આખરી તકમાં ગેરહાજર રહેનાર ઉમેદવાર આગળની ભરતી પ્રક્રિયા માટે ગેરલાયક ગણાશે.

પી.આર.ઓ. નં. ૧૩૧૧/૨૩-૨૪ ડે. મ્યુનિ. કમિશ્નર

# જાપાનમાં ભૂકંપથી મૃત્યુઆંક ૧૨૮ થયો, હિમવર્ષાથી રાહત કામગીરીમાં અવરોધ

**બચાવકર્મીઓએ** બરફમાંથી પસાર થઈને જવું પડે છે

**ગયા** સોમવારે આવેલા ધરતીકંપમાં 195 લોકો હજી સુધી ગુમ છે

વાજિમા (જાપાન), તા. 7 (એપી): જાપાનમાં 6 દિવસ પહેલાં આવેલા શક્તિશાળીમાં મૃત્યુઆંક 128 થયો હતો જ્યારે બચાવ ટીમોને અંતરિયાળ વિસ્તારોમાં રાહત સામગ્રી પહોંચાડવા માટે બરફને હટાવી આગળ વધવાની ફરજ પડી હતી.

ઈશીકાવા પ્રાંતમાં રવિવાર અને રાત્રે ભારે હિમવર્ષાની આગાહીએ ચિંતા હજુ વધારી હતી.ગયા સોમવારે આવેલા 7.6 તીવ્રતાના ધરતીકંપ બાદ 195 લોકો હજી સુધી ગુમ છે જ્યારે 560 ઈજાગ્રસ્ત થયા છે. ત્યારબાદ સેંકડો આંચકાઓ આવ્યા છે.તૈયો માત્સુશિતાને પોતાના પરિવાર માટે ભોજન અને અન્ય વસ્તુઓ લેવા માટે વાજિમા સિટીમાં આવેલા સુપરમાર્કેટ સુધી પહોંચવા માટે 3 કલાક સુધી કાદવમાંથી ચાલીને આવવું જવું પડ્યું હતું.વીજળી નથી અને થોડા જ કલાકોમાં વિસ્તારના લોકો પોતાના મોબાઈલ ફોનનો ઉપયોગ પણ કરી શકશે નહીં. અમે લોકોને જણાવવા માગીએ છીએ કે અમુક જગ્યાઓ પર મદદ પહોંચી શકશે નહીં. મોડી રાત્રે એક 90 વર્ષની મહિલાને તેના તૂટેલા ઘરમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવી હતી. તે 124 કલાક સુધી કાટમાળમાં દબાયેલી રહી હતી. સામાન્ય રીતે પ્રથમ 72 કલાકમાં જ બચવાની શક્યતાઓ ઓછી થઈ જાય છે.

**Surat Municipal Corporation (SMC)**
"Surat Mahanagar Seva Sadan"
Gordhandas Chokhawala Marg, Muglisara, Surat - 395003, Gujarat
**Notice Inviting Bid DC-ISD-AutoCAD-01-24**
**Bid for Procurement of AutoCAD LT 2024 with 3 years subscription**

Bid is invited by SMC online on https://smctender.nprocure.com for below work:

| Tender / RFP No. | Name of Work | Bid Start Date, Bid Fee & EMD |
|---|---|---|
| DC-ISD-AutoCAD-01-24 | Bid for Procurement of AutoCAD LT 2024 with 3 years subscription | **Start Date:** 08/01/2024 **Bid Fee:** Rs. 2,832/- (Rs. 2400/- + 18% GST) **EMD:** Rs. 90,000/- |

**No.P.R.O./578/2023-24**
**DT. 06-01-2024**
**Deputy Commissioner (D)**
**Surat Municipal Corporation**